**ફોજદારી કેસ નં. 11747 OF 2021 આંક–૧ નીચે હુકમ**

૧. આ કામે આરોપી વિરુધ્ધ પોલીસ કમીશ્નરશ્રી/ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અન્વયે ઓથોરાઈઝ કરેલ વ્યકિત ધ્વારા બહાર પાડેલ જાહેરનામાનો ભંગ કરવા અંગેની એફ.આઈ.આર. પોલીસ ધ્વારા આરોપી સામે નોંધવામાં આવેલ છે. જેમાં આરોપી સામે ઈ.પી.કો.કલમ ૧૮૮ તથા એપેડેમીક એકટની કલમ ૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ સજાને પાત્ર ગુનાનો આક્ષેપ મૂકી એફ.આઈ.આર. અન્વયેની તપાસના અંતે હાલનું ચાર્જશીટ કરેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ એપેડેમીક એકટની કલમ ૩ મુજબના ગુનાનું તહોમત મૂકેલ છે. આ એકટમાં સજાને જોગવાઈ નથી પરંતુ આ એકટમાં જણાવેલ છે કે આ કલમ અન્વયે ગુનો સાબીત થાય ત્યારે ઈ.પી.કો. કલમ ૧૮૮ માં જણાવેલ સજાને પાત્ર બનશે. જેથી એપેડેમીક એકટની કલમ ૩ અને ઈ.પી.કો. કલમ ૧૮૮ ને સાથે વાંચતા એક જ ગુનો બનેલાનો આક્ષેપ છે. તેમજ આરોપી વિરુધ્ધ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૫૧ મુજબના ગુનાનો પણ આક્ષેપ છે. આ તબકકે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૬૦ ની જોગવાઈને ઘ્યાને લેવી જરુરી છે. જેમાં જણાવેલ છે કે,

No court shall take cognizance of an offence under this Act expect on a complaint made by

(a) the National Authority, the State Authority, the Central Government, the State Government , the District Authority or any other authority of officer zuthorised in this behalf by that Authority or Government, as the case may be : or

(b) any person who has given notice of not less than thirty days in the manner prescribed. of the alleged offence and his intention to make a complaint to the National Authority. the State Authority, the Central Government, the State Government, the District Authority or any other authority or officer authorised as aforesaid.

આમ, આ કલમમાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે જયારે આ કાયદા અન્વયે અધિકૃત ઓથોરીટીએ જાહેરનામુ બહાર પાડેલ હોય તેનો ભંગ કર્યાનો આક્ષેપ હોય ત્યારે આ કાયદા અન્વયે અધિકૃત કરેલ ઓથોરીટી અથવા અધિકારીએ કોર્ટમાં લેખિત ફરીયાદ આપવાની છે અને જો કોર્ટમાં લેખિત ફરીયાદ આપે તો જ કોર્ટ તેના ઉપર સંજ્ઞાન લઈ શકશે. આ કામે એપેડેમીક એકટની કલમ ૩ ના ભંગ બદલની લેખિત ફરીયાદ કોર્ટમાં આપેલ નથી પરંતુ એફ.આઈ.આર. નોંધેલ છે અને એફ.આઈ.આર. ના અંતે ચાર્જશીટ રજૂ કરેલ છે. જેથી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૫૧ (બી) ના આક્ષેપમાં સંજ્ઞાન લેવા સામે આ કાયદાની કલમ ૬૦ નો સ્પષ્ટપણે બાધ નડે છે. તેથી તે રીતે ઈ.પી.કો. કલમ ૧૮૮ તથા એપેડેમીક એકટની કલમ ૩ ના આક્ષેપ સામે સંજ્ઞાન લેવા માટે સી.આર.પી.સી.૧૯૫ નો બાધ નડે છે. આ તબકકે સી.આર.પી.સી.૧૯૫ ની જોગવાઈ જોવામાં આવે તો,

''કલમ ૧૯૫ (૧) કોઈ પણ અદાલત

(એ) (૧) એવો કોઈપણ ગુનો કે જે ઈ.પી.કો.કલમ ૧૭૨ થી ૧૮૮ (બન્ને સહિત) અનુસાર સજા પાત્ર હોય, અથવા (૨) આવા ગુનામાં મદદગારી કે આવો ગુનો કરવાનો પ્રયાસ અંગે અથવા (૩) આવો ગુનો કરવા માટે ગુનાહિત કાવતરું કરવાનો ગુનો

એવા ગુના માટે સંબંધિત જાહેર નોકરની કે તે જેના વહીવટી તાબામાં કાર્ય કરતો હોય તેની લેખિત ફરીયાદ સિવાય તેના ગુના સબંધી કોગ્નીઝન્સ લઈ શકાશે નહિ.''

આમ, કલમ ૧૯૫(૧)(એ)ના પ્રબંધો અનુસાર જયાં સુધી સબંધિત અધિકારી કે તેના ઉપરી અધિકારી ધ્વારા લેખિતમાં ફરીયાદ કરવામાં ન આવે ત્યાં સુધી આ પ્રકાર ના ગુનાનું સંજ્ઞાન કોર્ટ લઈ શકે નહિ. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા સી. મુનીઅપ્પન વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ, એ.આઈ.આર. ૨૦૧૦ (સુ.કો.) ૩૭૧૯ ના ચૂકાદામાં ઠરાવેલ છે કે, Undoubtedly the low does not permit taking cognizance of any offence under Section 188 IPC unless there is a complaint in writing by the competent public servent, In the instant case, no such complaint had ever been filed. In such an eventuality and taking into account the settled legal principles in this regard, we are of the view that ie was not permissible for the trial court to frame a charge under Section 188 IPC.આમ,કલમ ૧૮૮ મુજબની પ્રાથમિક શરત છે કે આવી ફરીયાદ જાહેરનામુ બહાર પાડનાર અધિકારી અથવા તે અધિકારીના ઉપરી અધિકારી ધ્વારા લેખિતમાં આપેલી હોવી જોઈએ અને જો આવી ફરીયાદ લેખિતમાં આપવામાં આવેલ ન હોય તો ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને દોષિત ઠરાવી શકાય નહિ. વધુમાં એમ.એલ.અહલ્વાત વિ. સ્ટેટ ઓફ હરીયાણા, એ.આઈ.આર. ૨૦૦૦ (સુ.કો.)૧૬૮, સચિદાનંદસિહં વિ. સ્ટેટ ઓફ બિહાર, એસ.સી.સી. ૪૯૮ના કેસોમાં પણ એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, "Provision of Section 195 Crpc are mandatory and no court has Jurisdiction to take cognizance of any of the offences mentioned therein unless there is a complaint in writing as required under that section " જે જાહેરસેવકના હુકમનો ભંગ થયેલ હોય તે જાહેરસેવક ધ્વારા કે તેઓ જેમના વહીવટી તાબામાં હોય તેવા અધિકારી ધ્વારા ફરીયાદ આપવામાં આવેલી હોવી જોઈએ અને આવી લેખિત ફરીયાદ કોર્ટમાં કરેલી હોવી જોઈએ.

૨. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દવારા પણ નિર્મળાબેન અરવિંદભાઈ વિ. કલાવતીબેન નટવરલાલ, ૧૯૯૭(૩) જી.સી.ડી.૮૫૬ ના કેસમાં પણ એવું ઠરાવવામાં આવેલ છે કે, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૫ માં જે ફરીયાદનો ઉલ્લેખ છે તે ફરીયાદ અદાલત રૂબરૂની ફરીયાદ ગણવાની છે અને તેથી જો પોલીસ રૂબરૂ ફરીયાદ આપવામાં આવેલ હોય અને તેના આધારે ચાર્જશીટ કરવામાં આવેલ હોય, તેવી ફરીયાદનું સંજ્ઞાન કોર્ટ લઈ શકશે નહિ.

૩. હાલના કેસમાં આરોપી વિરુધ્ધ ફરીયાદીએ પોતાની લેખિત ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપેલી છે અને તેના આધારે ગુનો નોંધી, તપાસ કરી, હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. ફરીયાદ આપનાર વ્યકિત જાહેરનામુ બહાર પાડનાર અધિકારી કે તેના ઉપરી અધિકારી નથી તેમજ જાહેરનામુ બહાર પાડનાર અધિકારીએ કોર્ટમાં કોઈ લેખિત ફરીયાદ આપેલ નથી. તે સંજોગોમાં પણ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૯૫ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ ૬૦ મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ શકાય નહીં. આ ઉપરાંત આરોપી સામે આઈ.પી.સી. કલમ ૧૮૮ ઉપરાંત એપેડેમીક એકટની કલમ ૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૫૧(બી) ના ગુનાનો પણ આરોપ છે પરંતુ આ તમામ કૃત્ય એક જ બનાવનો ભાગ હોવાથી તેને જુદા પાડી શકાય તેમ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટે ફોજદારી પરચૂરણ અરજી નં.૨૩૦૦૯/૨૦૧૫ નયન હરીશભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા મોહંમદ મોહસીન મોહમંદઈરફાન છાલોટીયા વિ.સ્ટેટ ઓફ ગુજરાત સ્પે.ક્રીમીનલ એપ્લીકેશન નં.૪૧૦૫/૨૦૧૭ માં જણાવેલ છે કે જયારેઆરોપી સામે અલગ અલગ ગુનાનો આક્ષેપ હોય અને બંને ગુના એક જ વ્યવહાર અન્વયે થયેલા હોય ત્યારે તે બંનેને અલગ કરી શકાશે નહીં. તેવા સંજોગોમાં ઈ.પી.કો.કલમ ૧૮૮ સીવાય અન્ય ગુનાનો આક્ષેપ હોવા છતાં તે ગુનાને જુદો પાડી શકાય તેમ ના હોય તેથી તે ગુનાનું સંજ્ઞાન સી.આર.પી.સી. કલમ ૧૯૫ નો બાધ નડે છે.તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પરસોતમભાઈ ઓધવજીભાઈ સોલંકી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ મીસીલન્સ એપ્લીકેશન નં.૩૧૨૬૪–૨૦૧૬ ના કામે તા. ૪–૧૧–૨૦૨૦ ના રોજના હુકમમાં જણાવેલ છે કે,

6.1 A plain reading of the above provision makes it clear that it bars the Court from taking cognizance of any offence punishable under section 188 IPC or abetment or attempt to commit the same, unless there is a written complaint by the public servant for contempt of his lawful order. The object of this provision is to provide for a particular procedure in a case of contempt of the lawful authority of the public servant. In the instatn case, it

appears that the Court below has not looked into the provision of section 195 of Cr. P. C. before passing the impugned orders, it does not enable the Police Officer to register ans FIR for and offence under section 188 of IPC along with other sections. The reason being, such registration of an FIR has to necessarily end with a Police Report under 173(2) of Cr. P. C., which is specifically barred under section 195 of Cr. P. C.

આમ,નામદાર ગુજરાત હાઈકોર્ટે આ ચૂકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે ઈ.પી.કો.કલમ ૧૮૮ અન્વયે એફ.આઈ.આર. નોંધાયેલ હોય અને તે અંગે સી.આર.પી.સી. ૧૭૩(૨) મુજબ ચાર્જશીટ કરવામાં આવે તો તેવી ચાર્જશીટ સામે કોગ્નીઝન્સ લેવા અંગે કોર્ટને સી.આર.પી. સી. ૧૯૫ નો સ્પષ્ટપણે બાધ નડે છે અને આ ગુનાનના કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકશે નહી.

૪. સરકાર તરફે એ.પી.પી.શ્રીની રજૂઆત છે કે ગુજરાતમાં ઈ.પી.કો.કલમ ૧૮૮ કોગ્નીઝેબલ છે. જેથી કોગ્નીઝન્સ લેવામાં બાધ નડે નહીં. તેમજ એ.પી.પી.શ્રીએ ડાયરેકટર ઓફ પ્રોસીકયુશનનો તા.૯–૯–૨૦૨૦ ના રોજ જીલ્લા સરકારી વકીલશ્રીને લખેલ પત્ર રજૂ કરેલ છે. જેમાં પણ જણાવેલ છે કે નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા પણ ઈ.પી.કો.કલમ ૧૮૮ ની ચાર્જશીટ કરવા અંગે સમર્થન આપેલ છે. જેથી ઈ.પી.કો. કલમ ૧૮૮ અન્વયે ચાર્જશીટ રજૂ કરવામાં આવે તો તે અંગે રીવીઝન દાખલ કરવા અંગે જણાવેલ છે. સૌ પ્રથમ તો ડાયરેકટર ઓફ પ્રોસીકયુશન તે પોતે લેજીસલેટીવ સંસ્થા નથી. તેણે તો માત્ર સંસદે જે કાયદાઓ બનાવેલા છે તેની અમલવારી કરાવાની છે. જયારે સી.આર.પી.સી. ૧૯૫ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે ઈ.પી.કો.કલમ ૧૮૮ અન્વયેના ગુનાનું કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકશે નહીં સીવાય કે તે અંગે લેખિત માં ફરીયાદ સી.આર.પી.સી. ની કલમ ૨(ડી) માં જણાવેલ ફરીયાદ કોર્ટ સમક્ષ કરવામાં આવે. એકબાજુ ગુજરાત સરકારના ડાયરેકટ ઓફ પ્રોસીકયુશન વિભાગનો પત્ર છે બીજી બાજુ સંસદે પસાર કરેલ કાયદો છે. જેથી સંસદનો કાયદો તે ગુજરાત સરકારના એક વિભાગના પત્ર ઉપર પ્રભુત્વ ધરાવે છે. અત્રેની કોર્ટે માત્ર કાયદાની જોગવાઈ ઘ્યાને લેવાની છે. આ ઉપરાંત એ.પી.પી.શ્રી નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ ઉપર આધાર રાખે છે તે ડો.વિક્રમસિંઘ વિ. UOI, રીટ પીટીશન (ક્રીમીનલ) નં.૧૦૯૫૩/૨૦૨૦ વાળો ચૂકાદો જે તા.૫–૫–૨૦૨૦ ના રોજ હુકમ થયેલ છે. તે પીટીશન મેરીટ ઉપર નહીં પરંતુ ટેકનિકલ કારણસ રદ કરેલ છે. તેમાં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ નથી કે ઈ.પી.કો. કલમ ૧૮૮ ની ફરીયાદ અન્વયે સી.આર.પી.સી.૧૭૩ નો રીપોર્ટ કરવામાં આવે તો કોર્ટને સી.આર.પી.સી. ૧૯૫ નો બાધ નડે નહીં. જેથી તે ચૂકાદો ફરીયાદ પક્ષને મદદરૂપ થતો નથી. આ ઉપરાંત એ.પી.પી.શ્રીની જે રજૂઆત છે કે ઈ.પી.કો.કલમ ૧૮૮ ગુજરાતમાં કોગ્નીઝેબલ છે જેથી કોગ્નીઝન્સ લેવાનો બાધ નડે નહીં. આ રજૂઆત પણ કાયદાકીય પ્રોવીઝનો સાથે બંધબેસતી નથી. કોઈપણ ગુનો કોગ્નીઝેબલ હોવો એટલે કે પોલીસ આવો ગુનો કરનાર વ્યકિતને વગર વોરંટે પકડી શકે તેને કોગ્નીઝેબલ ગુનો કહેવાય. કોગ્નીઝેબલ ગુનો અને કોગ્નીઝન્સ લેવા તે બંને વચ્ચે તફાવત છે અને તેની ખૂબ જ ઉંડાણપૂર્વકની સ્પષ્ટતા નામદાર મદ્રાસ હાઈકોર્ટ ધ્વારા જીવનનધામ વિ. સ્ટેટ રીપ્રેઝન્ટેડ બાય ઓન ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૮,Crl. OP (MD) No.s 1356 of 2018 વગેરેના પેરા નં.૨૫ માં ઈ.પી.કો.કલમ ૧૮૮ અંગે ગાઈડ લાઈન ફોલો કરવાનું જણાવેલ છે તેમાં જણાવેલ છે કે,

a) A Police Officer cannot register an FIR for any of the offences falling under Section 172 to 188 of IPC.

b) A Police Officer by virtue of the powers conferred under Section 41 of Cr.P.C. will have the authority to take action under Section 41 of Cr.P.C., When a cognizable offence under Section 188 IPC is commited in his presence orwhere such action is required, to prevent such person from committing an offence under section 188 of IPC.

c) The role of the Police Officer will be confined only to the preventive action as stipulated under Section 41 of Cr.P.C. and immediately thereafter, he has to inform about the same to the public servant concerned/authorised, to enable such public servant to give a complaint in writing before the jurisdictional Magistrate, who shall take cognizance of such complaint on being proma facie satisfied with the requirement of Section 188 of IPC.

આમ,નામદાર મદ્રાસ હાઈકોર્ટે જણાવેલ છે કે ઈ.પી.કો. કલમ ૧૮૮ અન્વયેનો ગુનો પોલીસ રુબરુ બને તો પોલીસ તેવી વ્યકિતને પકડીને આવો ગુનો બનતો અટકાવી શકશે અને ત્યારબાદ આ વ્યકિતને પબ્લીક સર્વન્ટ/ઓથોરીટી સમક્ષ રજૂ કરશે કે જેણે જાહેરનામુ બહાર પાડેલ છે અને આવા પબ્લીક સર્વન્ટ/ઓથોરાઈઝ વ્યકિતએ હકુમત ધરાવતા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ લેખિતમાં ફરીયાદ આવા વ્યકિત વિરુઘ્ધ આપવાની રહેશે. આમ, ઉપરોકત ચૂકાદા પરથી એ હકીકત સ્પષ્ટ થઈ જાય છે કે ગુનો કોગ્નીઝેબલ હોવા અને કોગ્નીઝન્સ લેવા તે બંને વચ્ચે તફાવત છે. ગુજરાતમાં ઈ.પી.કો. કલમ ૧૮૮ નો ગુનો કોગ્નીઝેબલ છે તેથી પોલીસ સી.આર.પી.સી.૪૧ મુજબ તેને વગર વોરંટે પકડી શકે છે. પરંતુ તેના વિરુઘ્ધ એફ.આઈ.આર. નોંધી શકશે નહીં. કારણ કે સી.આર.પી.સી. ૧૯૫ મુજબ જે વ્યકિતએ જાહેરનામુ બહાર પાડેલ છે તે વ્યકિત અથવા તે વ્યકિત જે અધિકારીના તાબા હેઠળ આવેલ છે તે અધિકારી ઈ.પી.કો.કલમ ૧૮૮ અન્વયેની લેખિત ફરીયાદ હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટ સમક્ષ લેખિતમાં આપવાની છે. જો આ કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોય અને માત્ર ઈ.પી.કો.કલમ ૧૮૮ અન્વયે સી.આર.પી.સી. ૧૭૩(૨) મુજબ ચાર્જશીટ થયેલ હોય તો આવા ચાર્જશીટ ઉપર કોગ્નીઝન્સ લેવા અંગે સી.આર.પી.સી. ૧૯૫ નો સ્પષ્ટપણે બાધ નડે છે. જે હકીકત ઉપરોકત ચૂકાદા પરથી સ્પષ્ટ થાય છે.જેથી આ કામે હજુસુધી આરોપી વિરુઘ્ધ કોગ્નીઝન્સ લેવામાં આવેલ નથી અને તેના વિરુઘ્ધ કોઈ પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ નથી. માત્ર કોગ્નીઝન્સ અન્વયેનો હુકમ થવા ઉપર આ કેસ પેન્ડીંગ છે. ત્યારે પોલીસ રીપોર્ટ(સી.આર.પી.સી.૧૭૩(૨)) ના આધારે આરોપી વિરુઘ્ધ કોગ્નીઝન્સ લેવાનો બાધ નડતો હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આરોપી સામેના ગુનામાં કોગ્નીઝન્સ લેવા અંગે સી.આર.પી.સી. ૧૯૫ નો બાધ નડતો હોવાથી આરોપી સામે કોગ્નીઝન્સ લેવામાં આવતા નથી અને કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે.

વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, જે જાહેરનામાનો ભંગ થયેલ છે તે જાહેરનામુ બહાર પાડનાર વ્યકિત અથવા તે વ્યકિત જેના તાબામાં આવતા હોય તે તે વ્યકિત હકુમત ધરાવતી કોર્ટમાં નવેસરથી સી.આર.પી.સી. માં જણાવેલ સમય મર્યાદાને આધિન ફરીયાદ દાખલ કરવા સામે આ હુકમથી કોઈ બાધ આવશે નહીં.

હુકમ આજ તા.૧૧ માહે ડિસેમ્બર સને ૨૦૨૧ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તારીખ :– ૧૧/૧૨/૨૦૨૧
સ્થળ :– અમદાવાદ.

(કુ. વિનતી)
છઠ્ઠા એડી. સીવીલ જજ અને
જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફ્રેસ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.